# કોર્ટમાં જવું -
# તમારા માટે માહિતી

**Gujerati**



હોમ ઓફિસ કમ્યૂનિકેશન ડિરેક્ટોરેટ દ્વારા પ્રકાશિત માર્ચ 2004
Home Office Communication Directorate

# અનુક્રમણિકા

તમારી ઉપર કોઈ ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો છે અને હવે તમારે કોર્ટ (અદાલત)માં જવાનું છે. હવે પછી શું થશે તેની તૈયારી કરવામાં આ પત્રિકા તમારી મદદ કરશે. તે નીચેના વિષયો ઉપર માહિતી પૂરી પાડે છે.


**01** તમારી અત્યારની પરિસ્થિતિ

**02** સોલિસિટર (વકીલ) શોધવા

**03** તમે કોર્ટમાં ન જાવ તો તમારું શું થશે

**04** તમે કોર્ટમાં ન જઈ શકો તો શું કરવું

**05** તમે કોર્ટમાં જાવ તે પહેલાં તમારે શું કરવાની જરૂર પડશે

**06** કોર્ટમાં આવવું

**07** જુદા જુદા પ્રકારની કોર્ટ અને કોણ કોણ છે

**08** કોર્ટની કાર્યવાહી

**09** વધારે માહિતી

**10** અપોઈન્ટમેન્ટોની ડાયરી

**11** સંપર્કની વિગતો


પાછળના પાને આપેલો ફોલ્ડરનો વિભાગ તમને સ્થાનિક માહિતી અને તમારા માટે ખાસ અનુરૂપ હોય તેવી કોઈ વિગતો પણ આપશે.

# 01 તમારી અત્યારની પરિસ્થિતિ



- પોલીસે તમારી ઉપર કોઈ ગુનાનો આરોપ મૂક્યો છે અને તમારી ઉપર જે ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેની વિગતો આપતી ચાર્જ શીટ તેમણે તમને આપી હશે.
- તમને કદાચ પોલીસના જામીન મળ્યા હશે, અથવા જો જામીન નકારવામાં આવ્યા હોય તો તમને કોર્ટમાં પહેલી વાર રજૂ કરવામાં આવે ત્યાં સુધી કસ્ટડી (જેલ)માં રાખવામાં આવશે.
- તમારી બેઈલ શીટ (જામીન પત્ર)માં તમારે જે સ્થળે, તારીખે અને સમયે કોર્ટમાં જવાનું હોય તેની વિગતો આપેલી હશે. આ કદાચ કોર્ટમાં તમારે આપવી પડવાની અનેક હાજરીઓમાંથી પહેલીવારની હાજરી હોઈ શકે, પણ જરૂરી નથી કે દરેક વખતે એક કોર્ટમાં જવું પડશે.
- સોલિસિટર (જેમને લૉયર (વકીલ) પણ કહેવાય છે) સાથે વાત કરવાનો તમને અધિકાર છે, જેઓ તમને આખીયે પ્રક્રિયા દરમ્યાન શું થઈ રહ્યું છે તેની સલાહ આપશે.



# 02 સોલિસિટર (વકીલ) શોધવા

સોલિસિટર તમને ઘણા જ મદદરૂપ રહેશે, કારણ કે તેઓ:

- શું થઈ રહ્યું છે અને તમારી ઉપર શેનો આરોપ મૂકવામાં આવ્યો છે તે સમજવામાં તમને મદદ કરી શકશે;
- કોર્ટમાં શું થશે અને તમારે શું કરવાની જરૂર પડશે તે તમને કહી શકશે;
- સમજ પડવામાં અઘરી એવી કોઈ કાનૂની પરિભાષાઓ હશે તો તેની સમજણ પાડી શકશે;
- તમે પોતે ગુનેગાર હોવાનું તમારે કબૂલવું જોઈએ કે નહિ હોવાનું કબૂલવું જોઈએ તે નક્કી કરવામાં તમારી મદદ કરી શકશે;
- તમાર વતી બોલશે અને તમારો બચાવ રજૂ કરશે (મેજિસ્ટ્રેટ્સ કોર્ટ કેસોમાં, તમારા સોલિસિટર સામાન્ય રીતે તમારું પ્રતિનિધિત્વ કરશે. ક્રાઉન કોર્ટના કેસોમાં, તમારા સોલિસિટર તમારું પ્રતિનિધિત્વ કરવા માટે એક એડવોકેટ શોધી આપશે. એડવોકેટો સામાન્ય રીતે તાલીમ મેળવેલાં કોર્ટનાં લૉયરો હોય છે, જેઓ સોલિસિટરો અથવા બેરિસ્ટરો હોય છે);
- જામીનની કોઈ શરતો અને તમને અસર કરતા કોઈ નિર્ણયો કોર્ટમાં લેવામાં આવ્યા હોય તો તે સમજાવી શકશે;
- તમને સોલિસિટરની મદદ મફત મળી શકે કે નહિ તેની સલાહ આપશે અને ભંડોળ મેળવવાની અરજી કરવામાં મદદ કરી શકશે.



કદાચ તમારા જામીનમાં એવી શરત હશે કે તમારે સોલિસિટરને મળવું પડશે, અને જો એવું હોય, તો જો તમે સોલિસિટરને નહિ મળો તો તમારી ધરપકડ કરવામાં આવી શકે છે અને તમારા જામીન પાછા ખેંચી લેવામાં આવી શકે છે.

## સોલિસિટર કેવી રીતે શોધવા

જ્યારે તમારી ધરપકડ કરવામાં આવી હતી, ત્યારે પોલીસે તમને કોઈ કાનૂની પ્રતિનિધિની અથવા ફરજ ઉપરના - ડ્યુટિ સોલિસિટરની વિગતો આપેલી હોવી જોઈએ. આ સેવા મફત અને સ્વતંત્ર છે - તે વ્યક્તિ પોલીસ સાથે જોડાયેલી નથી. તમે જ્યારે પોલીસ સ્ટેશનમાં હશો ત્યારે તેઓ તમારી સાથે ફોન ઉપર અથવા રૂબરૂમાં વાત કરી શકશે, અને ઘણી વાર તેઓ કોર્ટની સમગ્ર કાર્યવાહી દરમ્યાન તમારું પ્રતિનિધિત્વ પણ કરી શકે છે.

અથવા તમે તમારા પોતાના સોલિસિટર રોકી શકો. તમારા મિત્રો કે કુટુંબીજનોએ જે સોલિસિટરનો ઉપયોગ કર્યો હોય તેમનું નામ તેઓ તમને આપી શકે, અથવા તમને તમારા સ્થાનિક સિટિઝન્સ એડવાઈઝ બ્યૂરો અથવા લીગલ સર્વિસીસ કમિશન પાસેથી 0845 608 1122 ઉપરથી અને www.justask.org.uk ઉપરથી તમારા સ્થાનિક વિસ્તારમાં આવેલા સોલિસિટરોની યાદી મળી શકશે.

જો તમે કોર્ટમાં તમારી પહેલીવારની હાજરી પહેલાં સોલિસિટર સાથે વાત કરી હોય, તો તમે કોર્ટમાં ડ્યુટિ સોલિસિટર સાથે વાત કરી શકો છો. તેઓ કોર્ટમાં તમારું પ્રતિનિધિત્વ કરી શકે, અથવા જ્યાં યોગ્ય હોય ત્યાં તમને સલાહ અને મદદ આપશે.

## તમારે પૈસા ચૂકવવા પડશે?

તમારે કદાચ તમારા સોલિસિટરની સેવા માટે પૈચા ચૂકવવા પડશે અથવા તમારા વતી તે ચૂકવી આપવામાં આવે તેવું કદાચ કરી શકો. તમે મફત સલાહ અને પ્રતિનિધિત્વ માટે અરજી કરી શકો કે નહિ તે વિશે વધારે માહિતી માટે, 'ક્રિમિનલ ડીફેન્સ સર્વિસીસ એટ ધ પોલીસ સ્ટેશન એન્ડ ઈન કોર્ટ' (પોલીસ સ્ટેશનમાં અને કોર્ટમાં ગુનાના બચાવને લગતી સેવાઓ) નામની પત્રિકા વાંચો, જે કદાચ આ પત્રિકાના ફોલ્ડરના વિભાગમાં આપેલી હશે અથવા વધારે માહિતી માટે તમારા સોલિસિટરને પૂછો.



# 03 તમે કોર્ટમાં ન જાવ તો તમારું શું થશે

**!** **તમે ભલે જે કંઈ પણ કરો, તમે કોર્ટમાં હાજરી આપો છો તેની ખાતરી કરો, અને જો તમને લાગતું હોય કે તેમાં તમને કદાચ કોઈ તકલીફ પડશે, તો તમારા સોલિસિટરને અથવા કોર્ટને કહો.**

તમારી ઉપર મૂકવામાં આવેલા આરોપના તમે ગુનેગાર છો કે નહિ તે કોર્ટ નિર્ણય કરશે. તમને જ્યારે પણ કોર્ટમાં જવાનું કહેવામાં આવે ત્યારે તમે ત્યાં સમયસર પહોંચી જાવ તે અગત્યનું છે.

હાજરી નહિ આપવાનું (કોઈ વાજબી કારણ વગર) ગુનો ગણાય છે, જે માટે 12 મહિના સુધીની જેલસજા થઈ શકે છે.

હાજરી નહિ આપવાથી બધાંનો - કોર્ટનો, પોલીસ, સાક્ષીઓ, ગુનાનો ભોગ બનેલાં લોકો અને સોલિસિટરોનો - સમય બગડે છે અને એટલા માટે તેને કોર્ટ ગંભીરતાપૂર્વક લે છે.

જો તમે કોર્ટમાં હાજરી નહિ આપો અને તે માટેનું વાજબી કારણ કોર્ટને સુનાવણી પહેલાં નહિ જણાવો, તો નીચેની બાબતો બનવાની શક્યતા છે.



- તમારી **તાત્કાલિક ધરપકડ** કરવા માટેનું વોરંટ જારી કરવામાં આવશે અને તમને કોર્ટમાં પાછાં લાવવા માટે કસ્ટડીમાં રાખવામાં આવશે.
- તમારી ઉપર શું આરોપ મૂકવામાં આવ્યા છે તેના આધારે, તમારી **ત્યાં હાજરી વગર જ તમારા કેસની સુનાવણી કરવામાં આવી શકે છે,** જેનો અર્થ એ થશે કે તમને તમારો બચાવ કરવાની તક નહિ મળે.
- તમારી ઉપર **'હાજરી આપવામાં નિષ્ફળ જવાનો' બીજો એક વધારાનો આરોપ** મૂકવામાં આવશે. **આ ગુના માટેની વધુમાં વધુ સજા ક્રાઉન કોર્ટમાં 12 મહિનાની જેલ** અથવા મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં ત્રણ મહિનાની જેલ છે, પછી ભલે તમારી ઉપર મૂકવામાં આવેલા અસલ આરોપના તમે ગુનેગાર ન ઠરો તો પણ આ સજા કરવામાં આવશે. જો તમને બંને આરોપો માટે ગુનેગાર ઠેરવવામાં આવશે, તો તમને કદાચ વધારે ગંભીર સજા કરવામાં આવી શકે.
- 'હાજરી આપવામાં નિષ્ફળ જવાનો' ગુનો તમારા **ક્રિમિનલ રેકોર્ડમાં** નોંધવામાં આવશે અને તમને જામીન આપવા જોઈએ કે નહિ તેના ભવિષ્યના નિર્ણયો ઉપર તેની અસર પડશે.
- તમને કદાચ તમારા **ટ્રાયલ (ખટલાની સુનાવણી) સુધી કસ્ટડીમાં રીમાન્ડ ઉપર** રાખવામાં આવી શકે.
- તમને કદાચ **સજામાં ઘટાડો મેળવવા દેવામાં ન આવે.** જો તમે ગુનેગાર હોવાનું કબૂલ કરવા માગતાં હો અને શરૂઆતના તબક્કામાં જ તેમ કરી દો, તો તમને ઓછી ગંભીર સજા થવાની શક્યતા વધારે છે. ગુનો કબૂલવા કે નાકબૂલ કરવા માટે હાજરી નહિ આપવાથી તમે આ પણ ચૂકી જશો.

**જો તમે કોર્ટમાં આવ્યાં હો, પણ કોઈ કારણસર પાછાં જતાં રહ્યાં હો અને જ્યારે તમારો કેસ બોલાવવામાં આવે ત્યારે કોર્ટમાં હાજરી ન આપી શકો, તો પણ કોર્ટ ઉપર જણાવ્યા પ્રમાણે જ પગલાં લેશે.**



## 04 તમે કોર્ટમાં ન જઈ શકો તો શું કરવું

- જો કોઈ ઈમર્જન્સી (કટોકટીની પરિસ્થિતિ) હોય, તો તમારે જે કોર્ટમાં હાજરી આપવા જવાનું હોય તે કોર્ટનો (અને તમારી પાસે હોય તો તમારા સોલિસિટરનો) સંપર્ક કરવો જરૂરી રહેશે. તમારાથી થઈ શકે તેટલી જલદીથી અને શક્ય હોય તો તમારી સુનાવણીની તારીખ પહેલાં આ કરો.
- જો તમે તબીબી (મેડિકલ) કારણોસર કોર્ટમાં ન જઈ શકો તેમ હો, તો તમારે તમારા જીપી અથવા હોસ્પિટલના ડૉક્ટર પાસેથી તમે કોર્ટમાં જવા માટે નાદુરસ્ત છો એવું જણાવતું મેડિકલ સર્ટિફિકેટ મેળવવાનું રહેશે.
- કોર્ટમાં નહિ જવા માટેનાં તમારાં કારણો કોર્ટ ધ્યાન ઉપર લેશે. તમારી ગેરહાજરી અનિવાર્ય હતી એવું સાબિત કરતી શક્ય તેટલી વધારે માહિતી તમારે કોર્ટને આપવી જોઈએ.
- **જો તમે કોર્ટમાં ન જઈ શકો, તો તમારે શક્ય તેટલી જલદી કોર્ટમાં કે પોલીસ સ્ટેશને જવું જોઈએ. કોર્ટમાં નહિ જવા માટેનું તમારી પાસે કદાચ વાજબી કારણ હશે, પણ તમારાથી જ્યારે જઈ શકાય ત્યારે શક્ય તેટલા જલદી કોર્ટમાં નહિ જવાનું પણ ગુનો ગણાય છે.**



## 05 તમે કોર્ટમાં જાવ તે પહેલાં તમારે શું કરવાની જરૂર પડશે



- તમારે કઈ કોર્ટમાં જવાનું છે તેની તમને ખબર હોય તેની ખાતરી કરો. બની શકે કે તમે પહેલાં ગયાં હો તે જ કોર્ટરૂમ દરેક વખતે ન પણ હોય.
- કોર્ટ સુધી કેવી રીતે પહોંચવું તેની તમને ખબર હોય તેની ખાતરી કરો. તમે કોર્ટમાં ફોન કરી શકો, જેનો નંબર તમારી સ્થાનિક ફોન બુકમાં આપેલો હશે અને તેઓ તમને દિશા સૂચન કરી શકશે અને તમે ક્યાં જાહેર વાહનો મારફતે ત્યાં પહોંચી શકો તેની માહિતી આપી શકશે. તમારા સોલિસિટર પણ તમને માર્ગદર્શન આપી શકશે.
- ત્યાં પુષ્કળ સમય પહેલાંથી પહોંચી જાવ. તમને ત્યાં પહોંચતાં કેટલી વાર લાગશે તેની તમને ચોક્કસ ખબર ન હોય, તો પહેલેથી ત્યાં જઈ આવીને ‘મહાવરો કરી’ લો. જો તમે બસ અથવા ટ્રેઈન મારફતે ત્યાં જતાં હો, તો તમને તેમના સમય ખબર હોય તેની ખાતરી કરો અને તેમાં કોઈ ફેરફારો થયા છે કે કેમ તે તપાસી લો, અને તમે ઘરેથી નીકળો તે પહેલાં તમારી પાસે ટિકિટ ખરીદવા માટેના પૂરતા પૈસા હોય તેની ખાતરી કરો.
- શું બની રહ્યું છે અને શેની અપેક્ષા રાખવી તે સમજવામાં તમારી મદદ કરવા માટે સોલિસિટરને કહો.



# 06 કોર્ટમાં આવવું



- તમને તમારી જગ્યા શોધવામાં મદદ કરવા માટે ત્યાં સ્પષ્ટ નિશાનીઓ મૂકેલી હશે. તમે આવી ગયાં છો એવું કોઈને કહો. રિસેપ્શનિસ્ટ અથવા અશર (લોકો કોર્ટમાં આવી ગયાં છે તે તપાસવા માટે અને તેમણે ક્યાં જવું તે તેમને બતાવવા માટે જવાબદાર વ્યક્તિ)ને તમારું નામ કહો. આરોપી વ્યક્તિની (જેને પ્રતિવાદી - ડીફેન્ડન્ટ પણ કહેવાય છે) અટક (સરનેઈમ) અનુસાર કેસોને ક્રમમાં મૂકવામાં આવ્યા હોય છે, જે 'R v Defendant' (આર. વિરુદ્ધ પ્રતિવાદી) સ્વરૂપમાં યાદીમાં લખેલા હોય છે. (આર) એટલે 'રેજિના', એટલે કે તમારી ઉપર કાયદેસર કાર્યવાહી ક્રાઉન દ્વારા કરવામાં આવી રહી છે.
- રિસેપ્શનિસ્ટ અથવા અશર તમને કહેશે કે કયા કોર્ટરૂમમાં કેસ સાંભળવામાં આવશે અને તમારે ક્યાં બેસીને રાહ જોવી. તમારો કેસ ક્યારે સાંભળવામાં આવશે તે પણ તેમણે તમને કહેવું જોઈએ.
- જો સોલિસિટર તમારું પ્રતિનિધિત્વ કરી રહ્યાં હોય, તો તમારે તેમને કોર્ટમાં મળવાનું ગોઠવવું જોઈએ. તેઓ તમને તમારા કેસ વિશેની આખરી સલાહ આપી શકશે. કેટલીક કોર્ટોમાં તમે સોલિસિટર સાથે બેસીને વાત કરી શકો તે માટેના અંગત વિસ્તારો જુદા આપવામાં આવ્યા હોય છે.

  જો તમારી પાસે સોલિસિટર ન હોય, તો કોર્ટમાં એક ડ્યુટિ સોલિસિટર હશે, જેમની સાથે તમે વાત કરી શકો છો.
- તમારો કેસ શરૂ થતાં પહેલાં જો થોડો સમય હોય, તો તમે રાહ જોવા માટેના વિભાગ - વેઈટિંગ એરિયામાં બેસી શકો છો અથવા કોર્ટરૂમની પબ્લિક ગેલેરીમાં બેસીને બીજા કેસો સાંભળી શકો છો. જો તમે આમ કરો, તો તમે ક્યાં જાવ છો તે અશરને કહીને જાવ.
- તમે કદાચ જોશો કે તમારા માટે અથવા તમારી વિરુદ્ધ જુબાની આપવા માટે બીજાં લોકોને બોલાવવામાં આવ્યાં છે. તમારે અને તમારા કુટુંબીજનો અને મિત્રોએ પ્રોસિક્યુશન (સામેના પક્ષના) સાક્ષીઓને મળવા ન જ જવું જોઈએ, કારણ કે આને કદાચ ધમકી આપવા તરીકે જોવામાં આવી શકે (એટલે કે તમે તેમની ઉપર દબાણ મૂકો છો, તેમને ડરાવો છો અથવા તેઓ કોર્ટમાં શું કહી શકે તેની ઉપર પ્રભાવ પાડવાનો પ્રયત્ન કરો છો એવું માનવામાં આવી શકે). સાક્ષીને ડરાવવાને ઘણો જ ગંભીર ગુનો માનવામાં આવે છે અને તેનાથી કદાચ તમારા ટ્રાયલ ઉપર પણ અસર પડી શકે.
- તમારે કોર્ટ છોડીને જવું ન જોઈએ કારણ કે તેને ગુનો માનવામાં આવી શકે છે પણ જો તમારે કોઈ કારણસર એમ કરવું પડે, તો અશરને કહેવું જરૂરી છે. તમે ક્યાં જાવ છો, અને કોર્ટમાં તમારી ફરી પાછી જરૂર પડે, તો તમારો સંપર્ક કેવી રીતે કરવો તે તમારે તેમને કહેવું જોઈએ.



# 07 જુદા જુદા પ્રકારની કોર્ટ અને કોણ કોણ છે

**તમને કદાચ ત્રણ પ્રકારની કોર્ટમાં બોલાવવામાં આવી શકે.**

- **મેજિસ્ટ્રેટ્સ કોર્ટ**
- **ક્રાઉન કોર્ટ**
- **યૂથ કોર્ટ (જે મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં ભરવામાં આવે છે)**

કોર્ટમાં કોણ છે અને તે કેવી રીતે ગોઠવવામાં આવી છે તેનો આધાર કયા પ્રકારની સુનાવણી છે તેની ઉપર રહેલો છે. પહેલી સુનાવણી માટે, ત્યાં ફક્ત મેજિસ્ટ્રેટો, તમે પોતે અને બચાવ તેમજ પ્રોસિક્યુશનના લૉયરો જ હોવાની શક્યતા છે. જો તમારો કેસ ટ્રાયલમાં જાય તો તેમાં જ્યુરિ અને સાક્ષીઓ પણ કદાચ હશે.

એક કોર્ટ ક્લાર્ક અથવા કાનૂની સલાહકાર પણ હાજર હશે. તેઓ ખાતરી કરે છે કે કોર્ટમાં હાજર હોવાં જોઈએ તે બધાં જ લોકો ત્યાં હોય અને જે કાર્યવાહી થવાની હોય તે બધી જ સમયસર અને યોગ્ય ક્રમમાં થાય. બીજા ટ્રાયલોમાં શું થયું હતું તેની નોંધો પણ તેઓ કદાચ જુએ તેવું બને, અને મેજિસ્ટ્રેટ્સ કોર્ટોમાં તેઓ કાનૂની બાબતો ઉપર સલાહ આપી શકે.

કોર્ટમાં તમે કદાચ જે બીજાં લોકોને જોશો તેમાં પોલીસ ઓફિસરો, પ્રોબેશન ઓફિસરો, પ્રિઝન (જેલના) ઓફિસરો અને પત્રકારો હોઈ શકે. યૂથ કોર્ટોમાં, યૂથ ઓફેન્ડિંગ ટીમના કોઈ સભ્ય પણ કદાચ ત્યાં હાજર હશે.

મેજિસ્ટ્રેટ્સ અને ક્રાઉન કોર્ટો સામાન્ય રીતે જાહેર જનતા માટે ખુલ્લી હોય છે, જેમાં કેસમાં સંકળાયેલાં લોકોનાં મિત્રો અને સગાં પણ આવી શકે છે અને ત્યાં ઘણીવાર જાહેર જનતાને બેસવા માટેનો વિભાગ હોય છે. યૂથ કોર્ટમાં, જો કોર્ટના અધિકારી બોલાવે તો જ જાહેર જનતાનાં લોકોને આવવાની પરવાનગી મળે છે.



## મેજિસ્ટ્રેટ્સ કોર્ટ

કોર્ટમાં આવતા મોટા ભાગના ગુનાના કેસોના ટ્રાયલ મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં થાય છે. ત્યાં કદાચ એક, બે અથવા ત્રણ મેજિસ્ટ્રેટો હોઈ શકે (જેમને કેટલીકવાર જસ્ટિસીસ ઓફ ધ પીસ અથવા જે.પી.ઝ કહેવાય છે). આ લોકો કેસ સાંભળે છે અને તમારી ઉપર મૂકવામાં આવેલા આરોપના તમે ગુનેગાર છો કે નહિ તેનો નિર્ણય કરશે.




ચાવી: **A** સાક્ષી **B** મેજિસ્ટ્રેટો **C** કોર્ટના ક્લાર્ક
**D** પ્રોસિક્યુશન અને બચાવ પક્ષના લૉયરો
**E** કોર્ટ અશર **F** પ્રતિવાદી **G** અન્યો

## ક્રાઉન કોર્ટ

જો તમારી ઉપર ખૂબ જ ગંભીર ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હોય, તમારો ટ્રાયલ જ્યુરિ દ્વારા કરવાનું નક્કી કરવામાં આવ્યું હોય અથવા તમને સજા આપવાનું નિશ્ચિત કરવામાં આવ્યું હોય, તો તમારો કેસ કદાચ ક્રાઉન કોર્ટમાં સાંભળવામાં આવી શકે. ક્રાઉન કોર્ટનો ટ્રાયલ જજ અને જ્યુરિ સમક્ષ સાંભળવામાં આવે છે.




ચાવી: A ષતિનેસસ B જજ` C કોર્ટના ક્લાર્ક
D પ્રોસિક્યુશન અને બચાવ પક્ષના લૉયરો
E જ્યુરિના સભ્યો F પ્રતિવાદી



## યૂથ કોર્ટ

જે કેસોમાં પ્રતિવાદીની ઉંમર 10થી 17 વર્ષની વચ્ચે હોય, તેમની કાર્યવાહી મુખ્યત્વે યૂથ કોર્ટમાં કરવામાં આવે છે જેમાં ખાસ તાલીમ મેળવેલાં મેજિસ્ટ્રેટો હોય છે અને કોઈ જ્યુરિ હોતી નથી.

યૂથ કોર્ટો અને યુવાન લોકોને લગતી બીજી બાબતો વિશેની વધારે માહિતી તમને આ વેબસાઈટ ઉપરથી મળી શકશે www.rizer.co.uk




ચાવી: A સાક્ષી B મેજિસ્ટ્રેટો C કોર્ટના ક્લાર્ક
D પ્રોસિક્યુશન અને બચાવ પક્ષના લૉયરો E પ્રતિવાદી
F માતા કે પિતા G યૂથ ઓફેન્ડિંગ ટીમના કાર્યકર્તા H અશર



# 08 કોર્ટની કાર્યવાહી

કોર્ટમાં તમને પ્રતિવાદી - ડીફેન્ડન્ટ તરીકે ઓળખવામાં આવશે. આ આરોપી માટેનો બીજો શબ્દ છે, અને તેનો અર્થ એવો થાય છે કે તમારી ઉપર મૂકવામાં આવેલા આરોપો સામે બચાવ કરવા માટે તમે ત્યાં આવ્યા છો. તમારા સોલિસિટરને ડીફેન્સ સોલિસિટર (બચાવ પક્ષના વકીલ) તરીકે ઓળખવામાં આવશે.

સામેનો પક્ષ પ્રોસિક્યુશન (વાદી) છે. સામાન્ય રીતે, ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ, જેઓ પોલીસથી સ્વતંત્ર છે, તેઓ ગુનાની કાયદેસર કાર્યવાહીઓ હાથ ધરે છે.

કોર્ટની કાર્યવાહીમાં અનેક તબક્કા છે.

## કબૂલાત કરવી

કોર્ટમાં તમે પહેલીવાર રજૂ થશો ત્યારે સામાન્ય રીતે તમારી ઉપર મૂકવામાં આવેલા આરોપ કે આરોપોના સંબંધમાં કબૂલાત કરવા માટે તમને પૂછવામાં આવશે. આ ગુનો કબૂલ છે કે કબૂલ નથી એની કબૂલાત હશે.

જો તમારી કબૂલાત તમને ગુનો કબૂલ હોવા માટેની હશે, તો તે પછી કોર્ટ સજા સંભળાવશે. (‘સજા કરવી’ જુઓ.)

જો તમે ગુનો કબૂલ નહિ હોવાની કબૂલાત કરો, તો તે દિવસે કેસ આગળ વધશે નહિ, અને તમારી સુનાવણી માટેની હવે પછીની તારીખ નક્કી કરવામાં આવશે. તમે ટ્રાયલની રાહ જોઈ રહ્યાં હો તે દરમ્યાન તમને જામીન આપવા કે નહિ તેનો પણ કોર્ટ નિર્ણય કરશે.



જો તમે ગુનો કર્યો હોય, તો કાર્યવાહીના કોઈ પણ તબક્કે તમે ગુનો કબૂલ કરી શકો છો, પણ તમે તે જેટલું વહેલું કરશો તેટલી જ તમને તમારી સજામાં વળતર (ઘટાડો) મેળવવાની શક્યતા વધારે છે, અને જેટલી વહેલી કબૂલાત એટલું જ વધારે વળતર પણ.

તમારો નિર્ણય કરવામાં તમારી મદદ કરવા માટે તમારા સોલિસિટર તમને સલાહ આપી શકશે.

## ટ્રાયલ

જો તમારો કેસ ટ્રાયલમાં જાય, તો પ્રોસિક્યુશન તમારી વિરુદ્ધ પુરાવા રજૂ કરશે. તમે અથવા તમારા સોલિસિટર તેમના પુરાવાને પડકારી શકશો અને તમારા પોતાના પુરાવા રજૂ કરી શકશો.

પ્રોસિક્યુશને એ સાબિત કરવાનું હોય છે કે તમે ‘વાજબી શંકા ઉપર જઈને’ ગુનો કર્યો હતો. જો તેઓ તેમ કરી દેશે, તો તમને ગુનેગાર ઠેરવવામાં આવશે, અને જો તેઓ તેમ ન કરી શકે, તો તમે ગુનેગાર નહિ હોવાનું ઠેરવવામાં આવશે અને તમને ‘નિર્દોષ માનવામાં’ આવશે.

મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં, રજૂ કરવામાં આવેલા પુરાવાના આધારે મેજિસ્ટ્રેટ અથવા ડિસ્ટ્રિક્ટ જજ નિર્ણય કરે છે.

ક્રાઉન કોર્ટમાં જ્યુરિ આ નિર્ણય કરે છે. જ્યુરિ 12 સભ્યોની બનેલી હોય છે જેઓ ‘સામાન્ય જનતાનું પ્રતિનિધિત્વ કરતાં’ હોય છે. જો તમે જ્યુરિમાંથી કોઈને - જ્યુરરને - જાણતાં હો તો તમારે કોર્ટને કહેવું જોઈએ અને તે વ્યક્તિને જ્યુરિમાંથી નીકળી જવાનું કહેવામાં આવશે.

જ્યુરિ એકવાર બધા જ પુરાવા સાંભળી લેશે એટલે તેઓ બધા જ સહમત થઈ જાય ત્યાં સુધી એક અંગત રૂમમાં જઈને ચર્ચા કરશે. જો તેઓ બધા જ સહમત ન થઈ શકે, તો જો ઓછામાં ઓછા 10 જ્યુરરો સહમત થતાં હોય તો જજ ‘બહુમતી ચુકાદો’ મંજૂર કરી શકે છે.

જ્યુરિ તેમના સભ્યોમાંથી કોઈ એક સભ્યને ‘ફોરમેન’ તરીકે પસંદ કરે છે અને આ વ્યક્તિ કોર્ટને જ્યુરિનો નિર્ણય જણાવે છે. આને ચુકાદો કહે છે. ચુકાદો ખુલ્લી કોર્ટમાં જાહેર કરવામાં આવે છે જે દરેક જણ સાંભળી શકે છે.

તમારી કબૂલાત કરવા અને ટ્રાયલ પૂરો થવા વચ્ચે અનેક સુનાવણીઓ કરવામાં આવી શકે, અને તમે તે બધામાં હાજર રહો તે અગત્યનું છે.

### સજા કરવી

જો તમારો ગુનો સાબિત થાય (તમારી ઉપરના આરોપ માટે ગુનેગાર ઠરો), તો તમને કદાચ જેલ સજા કરવામાં આવી શકે, દંડ થઈ શકે અથવા કમ્યુનિટિ સજા કરવામાં આવી શકે. જ્યારે તમે ગુનો કબૂલ કર્યો હોય કે તમને ગુનેગાર ઠેરવવામાં આવ્યાં હોય ત્યારે કદાચ આ થઈ શકે, અથવા તમને સજા કરવા માટે પાછળની કોઈ તારીખે કોર્ટમાં ફરી પાછા બોલાવવામાં આવી શકે.

જો તમારો કેસ મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં સાંભળવામાં આવ્યો હોય, તો કદાચ સજા સંભળાવવા માટે તમને ક્રાઉન કોર્ટમાં મોકલવામાં આવી શકે.

તમારા માટે કઈ સજા સૌથી વધારે યોગ્ય છે તેનો નિર્ણય કરવામાં કોર્ટની મદદ થાય તે માટે ઘણી વાર કોર્ટ પ્રી સેન્ટન્સ રીપોર્ટ (સજા પહેલાંનો અહેવાલ) મંગાવશે. આમાં ત્રણ અઠવાડિયાં સુધીનો સમય લાગી શકે છે અને તે પ્રોબેશન ઓફિસર દ્વારા કરવામાં આવે છે જેઓ તમારી જરૂરતોનું મૂલ્યાંકન કરવા માટે તમને મળશે.

તમારો ગુનો સાબિત થયા સામે અથવા સજા સામે કરી શકાતી સંભવિત અપીલો વિશે તમારા સોલિસિટર તમને સલાહ આપી શકશે.

**કોર્ટની કાર્યવાહી ઘણીવાર લાંબી અને ગૂંચવણભરેલી હોય છે. તમારા માટે અને સંકળાયેલાં બીજાં બધાં લોકો માટે તેને સરળ બનાવવા તમે આ કરી શકો:**

- **સલાહ માટે શક્ય તેટલા જલદી સોલિસિટરને મળો; અને**
- **તમે કોર્ટમાં હાજરી આપો છો તેની ખાતરી કરો.**



# 09 વધારે માહિતી



### સોલિસિટર શોધવા

તમારા વિસ્તારમાં સોલિસિટરોની વિગતો માટે તમે નીચેની બાબતો કરી શકો:

- લીગલ સર્વિસીસ કમિશનને આ નંબરે ફોન કરો 0845 608 1122;
- તમારા સ્થાનિક સિટિઝન્સ એડવાઈઝ બ્યૂરોમાં જાવ;
- કમ્યૂનિટિ લીગલ સર્વિસીસ ડિરેક્ટરીમાં જુઓ અથવા સોલિસિટરો અને બેરિસ્ટરો માટેની ડિરેક્ટરીમાં જુઓ, જે તમારી સ્થાનિક લાઈબ્રેરીમાંથી મળી શકશે; અથવા
- www.justask.org.uk જુઓ

### યુવાન લોકો માટે માહિતી

તમે યુવાન લોકોને અસર કરતી ગુનાના ન્યાય માટેની બાબતો વિશેની ઓન-લાઈન માર્ગદર્શિકા પણ આ વેબસાઈટ ઉપર જોઈ શકો www.rizer.co.uk

### સામાન્ય

તમારા બધા જ અધિકારો અને જવાબદારીઓ અને ક્રિમિનલ જસ્ટિસની પ્રક્રિયા પાસેથી શું અપેક્ષા રાખવી તે વિશેની વધારે માહિતી માટે www.cjsonline.org.uk/citizen જુઓ.

આમાં કોર્ટની 'ખરેખરી' મુલાકાત લેવાનો અને ઈન્ટરવ્યૂ લેવામાં આવે ત્યારથી માંડીને જેલમાં જવા વિશેની બધી જ માહિતીનો સમાવેશ થાય છે.

જો તમારી પાસે ઈન્ટરનેટની સગવડ ન હોય, તો તમે તમારી સ્થાનિક લાઈબ્રેરી અથવા ઈન્ટરનેટ કેફેમાં જઈ શકો. તમે તમારા સ્થાનિક કાનૂની સલાહ કેન્દ્ર અથવા સિટિઝન્સ એડવાઈઝ બ્યૂરો (નાગરિક સલાહ કેન્દ્ર) પાસેથી પણ સલાહ મેળવી શકો છો.



# 10 અપોઈન્ટમેન્ટોની ડાયરી

### અપોઈન્ટમેન્ટો અને કોર્ટમાં હાજરી

સોલિસિટરોની કોઈ અપોઈન્ટમેન્ટો હોય અને કોર્ટમાં ક્યારે હાજર થવાનું છે તેની નોંધ રાખવા માટે આ જગ્યાનો ઉપયોગ કરો.

| તારીખ અને સમય | વિગતો |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

# 11 સંપર્કની વિગતો

## ઉપયોગી સંપર્કની વિગતો

તમારા કેસ માટે તમને કદાચ જરૂર પડી શકે તેમનાં નામો અને ફોન નંબરો નોંધવા માટે આ જગ્યાનો ઉપયોગ કરો.

| નામ | સંપર્કની વિગતો |
|---|---|
| સોલિસિટર | |
| પોલીસ સ્ટેશન | |
| કેસમાં સંકળાયેલા પોલીસ ઓફિસર | |
| કોર્ટ | |
| | |
| | |
| | |
| | |
| | |